નિયમિત જામીન અરજી પર ૩૦ એપ્રિલે સુનાવણી

મનિષ સિસોદિયાની વચગાળાની જામીન અરજી પાછી ખેંચાઈ: ઝટકો

નવી દિલ્હી તા. ૨૦ : મનિષ સિસોદીયાએ આજે તેમની વચગાળાની જામીન અરજી પાછી ખેંચી લીધી છે.

આજે મનિષ સિસોદીયાએ વચગાળાની જામીન અરજી પાછી ખેંચી લીધી હતી. જામીન આપવામાં આવશે તો તપાસ અને સાક્ષીઓ પર અસર પડશે તેમ સીબીઆઈએ જણાવ્યું હતું કે સિસોદિયાની નિયમિત જામીન અરજી પર નિર્ણય ૩૦ એપ્રિલ સુધી અનામત રાખવામાં આવ્યો છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટ દારૂ નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જેલમાં બંધ પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની નિયમિત જામીન માંગતી અરજી પર પોતાનો આદેશ અનામત રાખ્યો છે. આ અંગે કોર્ટ ૩૦ એપ્રિલે ચુકાદો આપશે. સીબીઆઈએ જામીન અરજીનો વિરોધ કરતાં કહ્યું કે જો સિસોદિયાને જામીન મળે તો તે આગળની તપાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે. રેગ્યુલર જામીન અંગેનો નિર્ણય ૩૦ એપ્રિલ સુધી અનામત રાખવામાં આવ્યો છે. રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ મનિષ સિસોદિયાની નિયમિત જામીન અરજી પર ૩૦ એપ્રિલે ચુકાદો અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન સિસોદિયા વતી હાજર રહેલા એડવોકેટ વિવેક જૈને કોર્ટને જણાવ્યું હતું કે સિસોદિયાની નિયમિત જામીન અરજી પર કોર્ટ આજે પોતાનો નિર્ણય અનામત રાખશે, આવી સ્થિતિમાં સિસોદિયાની વચગાળાની જામીન અરજી બિનઅસરકારક બની જશે. એવા અહેવાલો પણ છે કે સિસોદિયાને આ કૌભાંડના માસ્ટર માઈન્ડ માનવામાં આવ્યા હોય. વચગાળાના જામીન મળ્યા નથી.

ભાણવડના ટીંબડી ગામની સીમમાં ત્યજી દેવાયેલા નવજાત શિશુનું મૃત્યુ

જામનગર તા. ૨૦: ભાણવડના ટીંબડી ગામની સીમમાં આવેલા એક ખેતર પાસેથી ગઈકાલે તાજુ જ જન્મેલું એક બાળક (સ્ત્રી) મળી આવ્યું છે. કોઈ કઠોર માતાએ તેને જન્મ આપ્યા પછી ત્યજી દીધુ હતું અને ત્યાં રખડતા કૂતરાઓએ આ બાળકને બચકા ભરી લીધા હતા. નવજાત શિશુનું મૃત્યુ નિપજ્યું હતું. પોલીસે તેને ત્યજી દેનાર સ્ત્રી સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ટીંબડી ગામની સીમમાં એક ખેતર નજીક તાજા જ જન્મેલા એક બાળકના મૃતદેહને કૂતરા ચૂંથતા હોવાનું કોઈએ જોયા પછી પોલીસને જાણ કરતા ભાણવડ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો. કોઈ અજાણી મહિલાએ બાળકને જન્મ આપ્યા પછી તેને ત્યાં રેઢુ મુકી દીધુ હતું. તે બાળકને કૂતરાઓએ શરીરના અલગ અલગ ભાગોમાં બચકા ભરી લીધાનું જણાઈ આવ્યું હતું. ભાણવડનો પીએસઆઈ એલ.આર. સવસેટાએ મૃતદેહનો કબજો સંભાળી તેને પી.એમ. માટે ખસેડ્યો છે. ટીંબડી ગામના અરજણભાઈ ગળચરનું પોલીસે નિવેદન નોંધ્યું છે. બાળક (સ્ત્રી)ને જન્મ આપ્યા પછી તેને ત્યાં ત્યજી દેનાર માતા સામે આઈપીસી ૩૧૮ હેઠળ ગુન્હો નોંધાયો છે.

સાથે રાખેલા હથિયારની કરાવી ન હતી નોંધણી:

ભાટિયાના નિવૃત્ત આર્મીમેન સામે પોલીસે કરી કાયદાકીય કાર્યવાહી

જામનગર તા. ૨૦: ભાટિયામાં રહેતા એક નિવૃત્ત આર્મી જવાને દસ વર્ષ પહેલાં પોતાના ફરજના સમય દરમિયાન ડબલ બેરલની બંદૂક ખરીદી હતી. નિવૃત્ત થયા પછી તે હથિયારની નોંધણી ન કરાવી હતી અને સંબંધિત કચેરીને હથિયાર અંગે જાણ પણ કરાઈ ન હતી. તેઓની સામે ભાટિયા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામની શિવમ્ સોસાયટી-રમાં રહેતા નરેન્દ્રભાઈ રામદેભાઈ કરંગીયા (ઉ.વ.૫૨) સામે ભાટિયા પોલીસે આર્મ્સ એક્ટની કલમ ૩૦ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

વધુમાં જાણવા મળ્યા મુજબ નરેન્દ્રભાઈ અગાઉ આર્મીમાં નોકરી કરતા હતા તેમણે પોતાના ફરજના સમય દરમિયાન વર્ષ ૨૦૧૪માં જમ્મુ કાશ્મીરમાં ફરજ વેળાએ બારામુલ્લાથી રૂા.૩૨ હજારમાં ડબલ બેરલની અને બાર બોરની બંદૂક ખરીદ કરી હતી.

તે પછી નિવૃત્ત થયા હોવા છતાં પોતાની પાસે રહેલા આ હથિયાર અંગે નરેન્દ્રભાઈએ સંબંધિત કચેરીને તેની જાણ કરી ન હતી અને નોંધણી કરાવી ન હતી. તેથી વર્ષ ૨૦૧૬ના આર્મ્સ રૂલમાં કરાયેલી જોગવાઈના ભંગ અંગે તેઓની સામે કાર્યવાહી કરાઈ છે.

ચિરવિદાય

જામનગર: ગીતાબેન દિપકકુમાર વસા (ઉ.વ. ૬૬), તે નિર્મળાબેન વાડીલાલ પોપટલાલ વસાના પુત્રવધૂ તથા હેમા, તૃપ્તિ અને ધવલના માતા તથા આનંદકુમાર, મિતુલકુમાર અને નીતાના સાસુ તથા નૈતિક અને યસ્વીના દાદી તથા શ્રેય અને રિદ્ધિના નાની તથા અનિલભાઈ વસા, દિલીપભાઈ વસા, સરલાબેન પ્રાણલાલ દોશી, હંસાબેન લલીતકુમાર સંઘવી અને નયનાબેન પ્રમોદકુમાર મહેતાના ભાભી તથા સ્વ. જેન્તિલાલ અમૃતલાલ મહેતા (પ્રોલ) અને સ્વ. ગુણવંતીબેન જેન્તિલાલ મહેતાના પુત્રીનું તા. ૨૦ ના અવસાન થયું છે. સદ્‌ગતની સ્મશાનયાત્રા આજે સાંજે ૪ વાગ્યે તેમના નિવાસસ્થાન અરિહંત રેસીડેન્સી, ૭/૧ પટેલ કોલોની, જામનગરથી નીકળશે. સદ્‌ગતનું ઉઠમણું તા. ૨૨-૪-૨૦૨૪ ના સવારે ૯.૩૦ વાગ્યે પેલેસ દેરાસર ઉપાશ્રય, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી (મૂળ ખીજડીયા - ખારીના વતની) કલ્પનાબેન વિજયકુમાર ભટ્ટ (ઉ.વ. ૬૩) (પ્રિન્સિપાલ - શ્રી બાલાનંદ વિદ્યાનિકેતન હાઈસ્કૂલ), તે વિજયકુમાર પ્રતાપરાય ભટ્ટ (સ્ટેટ બેંક) ના ધર્મપત્ની તથા પ્રતાપરાય ગમનલાલ ભટ્ટ (નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી) ના પુત્રવધૂ તથા સ્વ. હિંમતભાઈ, સ્વ. નવનીતભાઈ, જનકભાઈ, વિનોદભાઈ, ઈન્દુભાઈ, મુકુંદભાઈના ભત્રીજા વહુ તથા મીનાક્ષીબેન મહેશચન્દ્ર પુરોહિત (ધારી), જયેશભાઈ, ચંદ્રેશભાઈ, અશ્વિનભાઈના ભાભી તથા દર્શનાબેન રાકેશકુમાર પુરોહિત, ગાર્ગીબેન, ગુંજનબેનના માતુશ્રી તથા કશ્યપ, ઓમ, ધ્રુવ, મીત, નિસર્ગ, ઋિન્દ્રા, મીરાના ભાભુ, જામનગર નિવાસી સ્વ. મણિશંકર વાસુદેવ પુરોહિતના પુત્રી તથા સ્વ. પ્રવિણભાઈ, જયેશભાઈ (પ્રમુખશ્રી - શ્રી બાલાનંદ વિદ્યાસભા ટ્રસ્ટ, જામનગર), આશાબેન રસિકલાલ ભટ્ટ, જયશ્રીબેન પિયુષકુમાર ભટ્ટના નાના બહેનનું તા. ૧૯-૪-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્‌ગતનું ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી તા. ૨૨-૪-૨૦૨૪, સોમવારના સાંજે ૫ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી સોસાયટી, જામનગરમાં રાખવામાં આવી છે.

ભાટિયા નિવાસી મધુબેન (મીરાબેન) (ઉ.વ. ૭૮), તે સ્વ. છોટાલાલ કાલીદાસ પાબારીના પત્ની તથા યમુના એન્ટરપ્રાઈઝવાળા પ્રકાશભાઈ, કિરીટભાઈ, સોનલબેન અતુલકુમાર પોકાઈ (મીઠાપુર) ના માતા તથા ડો. ભાવિન, રાજદીપ, નિકુંજ, ધારા સાગરકુમાર ચોટાઈના દાદી તથા દ્વારકા નિવાસી સ્વ. વિસનજી ચત્રભુજ ગોકાણીના પુત્રીનું તા. ૨૦-૪-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્‌ગતનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૨-૪-૨૦૨૪, સોમવારના સાંજે ૪ થી ૪.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ માટે શ્રી દૂધેશ્વર મહાદેવ મંદિરે તથા બહેનો માટે તેમના નિવાસસ્થાને રાખવામાં આવી છે.

અકસ્માત સર્જી ટ્રકનો ચાલક થઈ ગયો પલાયન:

હાપા રોડ પર ટ્રકની ઠોકરે રિક્ષા ચઢી જતાં અકસ્માત: રિક્ષાચાલકનું મૃત્યુ

(તસ્વીર: પરેશ ફલીયા)

જામનગર તા. ૨૦: જામનગરના હાપા રોડ પર આજે સવારે એક રિક્ષાને ટ્રકે ઠોકર મારતા રિક્ષાનું પડીકુ વળી ગયું હતું. ઘવાયેલા તેના ચાલકનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું છે. દોડી આવેલી પોલીસે આગળની કાર્યવાહી કરી છે.

જામનગરના હાપા રોડ પરથી આજે સવારે જીજે-૧૦-ટીએક્સ ૨૨૫૩ નંબરની ઓટો રિક્ષા પસાર થતી હતી ત્યારે પુરપાટ ઝડપે ધસી આવેલા એક ટ્રકે તે રિક્ષાને ઠોકર મારી હતી.

ટ્રકની ઠોકરથી રિક્ષાનું પડીકુ વળી ગયું હતું. તેના ચાલકનું માથામાં ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું છે. ત્યાંથી પસાર થતા અન્ય વાહનચાલકો થંભ્યા હતા. કોઈએ પોલીસ તથા ૧૦૮ને જાણ કરી હતી. અકસ્માત સર્જી ટ્રક મૂકીને તેનો ચાલક નાસી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી કાર્યવાહી કરી છે.

મૃતકના પત્નીનું પોલીસે નિવેદન નોંધ્યું:

નબળી આર્થિક પરિસ્થિતિથી કંટાળી જઈ નગરના યુવાને કરી આત્મહત્યા

જામનગર તા. ૨૦: જામનગરના ઈન્દિરા કોલોની વિસ્તારમાં વામ્બે આવાસ પાસે રહેતા એક યુવાને નબળી આર્થિક પરિસ્થિતિથી કંટાળી જઈને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી છે.

જામનગરના ઈન્દિરા કોલોની વિસ્તારમાં વામ્બે આવાસ પાસે રહેતા દિનેશભાઈ ટપુભાઈ પરમાર નામના યુવાને ગઈ તા.૧૯ના દિને પોતાના ઘરમાં છતના હુંકમાં ઓઢણી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

આ યુવાનને પરિવારજને નીચે ઉતારી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેઓને તપાસ્યા પછી મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. મૃતકના પત્ની જેઠીબેન પરમારે પોલીસને જાણ કરી છે. આ યુવાને ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી બની ગઈ હોવાના કારણે ગળાફાંસો ખાઈ લીધાનું ખૂલ્યું છે.

તમામ જૈન સમુદાયના લોકોને વરઘોડામાં જોડાવા અપીલ

જામનગરમાં આવતીકાલે ઉજવાશે ભગવાન મહાવીર સ્વામીનું જન્મકલ્યાણક: રથયાત્રા નીકળશે

જામનગર તા. ૨૦ : આવતીકાલ તા. ૨૧ના ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૨મા જન્મ દિવસ નિમિત્તે જામનગરમાં જૈન સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવશે.

જગત શહેર મહારાજની આગેવાનીમાં પત્રકારોને ઉજવણી અંગે માહિતી આપવામાં આવી હતી જેમાં રથયાત્રા યોજવામાં આવનાર છે. આ વરઘોડામાં વિવિધતા જોવા મળશે.

જામનગરના તમામ જૈન સમુદાયના લોકોને આ વરઘોડામાં જોડાવવા અપીલ કરવામાં આવી છે.

વિશા શ્રીમાળી પ્રમુખ ભરતભાઈ વસા, પેલેસ જૈન સંઘના મહેશભાઈ મહેતા, સમસ્ત જૈન સમાજના વિજયભાઈ શેઠ, દેવબાગ જૈન સંઘના નિલેષભાઈ શાહ, જૈન અગ્રણી ભરતભાઈ પટેલ, સમસ્ત જૈન યુવા સંગઠનના પ્રમુખ નિલેષ કગથરા, હાલારી વિશા શ્રીમાળી સ્થાનકવાસી ગામડાવારાના પ્રમુખ રાજુભાઈ શાહ વગેરે આ વિગતો આપતા સમયે ઉપસ્થિત રહ્યા હતાં.

આ રથયાત્રા ચાંદી બજારથી પ્રસ્થાન થશે અને પારસધામ, બેડી ગેઈટ, ટાઉનહોલ, લાલ બંગલો, જી.જી. હોસ્પિટલ, ડીકેવી સર્કલ થઈ પેલેસ દેરાસર મહાવીર સ્વામી જીનાલયે પૂર્ણ થશે.

સવારે ૬-૩૦ કલાકથી શરૂ થઈ શ્રી પેલેસ જૈન સંઘમાં ઉતરશે આ પછી જન્મ કલ્યાણકનું સંવદન કરાવતી જીનવાણી રથયાત્રામાં જોડાયેલ તમામને નવકારશીનો લાભ આપવામાં આવશે. આ રથયાત્રાના મુખ્ય આકર્ષણો ૧૩ ફૂટનો માનવ, નવપદના અલગ વર્ણધારી બાઈક સ્વારો, રોડ પર ચાલતું એરોપ્લેન, લાઈવ રંગોળી વગેરેનો સમાવેશ થાય છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

એન.ડી.એ. અને ઈન્ડિયા ગઠબંધનો વચ્ચેની ખેંચતાણ અને વારંવાર બદલતા રહેલા સમીકરણોના કારણે કન્ફ્યૂઝનમાં મૂકાયેલા ઘણાં મતદારો મતદાન કરવા નીકળ્યા જ નહીં હોય, તો કંગાળ મતદાન પાછળ ગરમી કારણભૂત હોવાનો પણ મત વ્યકત થઈ રહ્યો છે. ઉત્તરપ્રદેશના ઘણાં વિસ્તારોમાં થયેલું કંગાળ મતદાન એનડીએ માટે ચિંતાજનક જણાવાઈ રહ્યું છે, તો યુપીમાં થયેલા સરેરાશ મતદાનના આંકડા પણ ચર્ચામાં છે.

બિહાર અને ઉત્તરપ્રદેશના સંખ્યાબંધ લોકો અન્ય રાજ્યોમાં નોકરી-ધંધા માટે ગયા છે અને તેમાં શ્રમિકોનું પ્રમાણ વધારે છે. આ અન્ય રાજ્યોમાં અસ્થાયી ધોરણે રોજગાર મેળવવા ગયેલા ઘણાં મતદારો મતો આપી શકયા નહીં હોય, તેવું અનુમાન પણ લગાવાઈ રહ્યું છે. ટૂંકમાં ઓછું મતદાન તમામ રાજકીય પક્ષો માટે અજંપો તો લાવ્યું જ છે.

મહારાષ્ટ્રમાં પણ ધાર્યા મુજબ ઉંચું મતદાન થયું નથી, તેની પાછળ મહારાષ્ટ્રની સ્થાનિક રાજનીતિ કારણભૂત મનાય છે. મહારાષ્ટ્રમાં અત્યારે શિવસેના અને એનસીપીના ભાગલા પડી ચૂકયા છે, અને કોંગ્રેસના કેટલાક દિગ્ગજો પણ પક્ષપલ્ટો કરીને અન્ય પક્ષોમાં જોડાઈ ગયા છે. તેથી મહારાષ્ટ્રના મતદારો પણ કન્ફ્યૂઝનમાં હોવાથી કેટલીક બેઠકો પર કંગાળ અથવા અપેક્ષાથી ઓછું મતદાન થયું હોવાનુ મનાય છે. એકંદરે વર્ષ ૨૦૧૯ ની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૬૯.૪૩ ટકા મતદાન થયું હતું, તેની સરખામણી પણ થઈ રહી છે.

ગુજરાતમાં તો હવે ક્ષત્રિય સમાજે માત્ર રૂપાલા નહીં, પરંતુ હવે ભાજપનો બહિષ્કાર કરવા અને અહિંસક આંદોલન, ઉપવાસ વગેરે દ્વારા પાર્ટ-રમાં ચૂંટણીમાં ભાજપને હરાવવાનું નક્કી કર્યું હોવાનો દાવો કોરકમિટીને ટાંકીને કરાઈ રહ્યો છે, તો દિલ્હીમાં કેજરીવાલને જેલમાં જીવનું જોખમ હોવાના આક્ષેપો સાથે કેજરીવાલની ડાયાબિટીસની બીમારી, ડાયેટ અને કેળા-કેરી-આલુ-પૂરી અને ઈન્સ્યૂલનનો મુદ્દો ચૂંટણી પ્રચારમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારીના મુદ્દાઓ પર હાવી થઈ ગયો હોય, તેમ જણાય છે, આમ આ વખતે ચૂંટણી પણ ચટાકેદાર બની રહેલી જણાય છે, નહીં ?!!

જામનગર આઈટીઆરએમાં

મહિલાઓ માટે પૂર્વ માસિક લગત સમસ્યાઓ માટે નિ:શુલ્ક ઓપીડી

જામનગર તા. ૨૦: આઈટીઆરએ જામનગરના ક્રિયાશરીર વિભાગ દ્વારા મહિલાઓ માટે પૂર્વ માસિક લગત સમસ્યા માટે નિ:શુલ્ક ઓપીડીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓપીડી તા. ૨૨-૪ થી તા. ૨૬-૪ સુધી સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૫-૧૫ વાગ્યા દરમિયાન ક્રિયાશરીર વિભાગ ઓપીડી બ્લોક (યુજી હોસ્પિટલ), હનુમાન ગેઈટ પોલીસ ચોકી પાસે, પંચકર્મ ભવનની બાજુમાં, ધન્વન્તરિ મેદાન પરિસર, જામનગરમાં રાખવામાં આવી છે. પાંચ દિવસીય આ ખાસ ઓપીડીમાં પૂર્વ માનસિક અવસ્થાને લગત સમસ્યાઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે.

વર્તમાન જીવનશૈલીને કારણે વિવિધ રોગોનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ વચ્ચે પ્રિ-મેન્સ્ટ્રુઅલ સિન્ડ્રોમ મહિલાઓમાં વ્યાપક પણે જોવા મળે છે. આ સમસ્યા શારિરીક - માનસિક રોગોનો સમૂહ છે જે માસિક અવસ્થાના થોડા સમય પહેલાં શરૂ થાય છે. જેમાં મહિલાઓમાં વજન વધવું, હાથ પગમાં સોજો આવવો, થાક લાગવો, માથાનો દુખાવો, ચક્કર આવવા, કબજિયાત, જેવા શારીરિક લક્ષણ અને ડિપ્રેશન, જલ્દી ગુસ્સો આવવો, ભ્રમ, મૂડ સ્વિંગ્સ ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ પડવી, ભુલવાની સમસ્યા ચિંતા, ચિડિયાપણું જેવા માનસિક લક્ષણો ઉત્પન્ન થાય છે. મહિલાઓને આ ખાસ ઓપીડીનો લાભ લેવા આઈટીઆરએના નિયામક પ્રો. વૈદ્ય અનુપ ઠાકર દ્વારા જણાવાયું છે.

પોલીસે ટ્રકનો ફિલ્મી ઢબે કર્યો પીછો:

જામજોધપુરના તરસાઈ પાસે વોડકાના ૪૬૫૬ ચપટા સાથેનો ટ્રક ઝડપાયો

જામનગર તા. ૨૦: જામજોધપુરના તરસાઈ પાસે ઉભી કરાયેલી ચેકપોસ્ટ પરથી ગઈકાલે રાત્રે દારૂના ૪૬૫૬ ચપટા ભરેલો ટ્રક ઝડપાઈ ગયો છે. તે ટ્રક પોલીસે ઉભો રખાવવાની ટ્રાઈ કરી હતી. ત્યારે ટ્રક પુરઝડપે નાસવા માંડ્યો હતો. તેનો ફિલ્મી ઢબે પીછો કરાયો હતો. પોલીસને નજીક આવી ગયેલી જોઈ ટ્રકનો ચાલક કૂદીને નાસી ગયો હતો. પોલીસે દારૂ, ટ્રક સહિત સાડા નવ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

જામજોધપુર તાલુકાના તરસાઈ ગામ પાસે ચૂંટણીને અનુલક્ષીને ચેકપોસ્ટ શરૂ કરવામાં આવી છે. તે ચેકપોસ્ટ પરથી ગઈરાત્રે એક ટ્રક પસાર થવાનો હોવાની અને તે ટ્રકમાં દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમી મળતા જામજોધપુરના પીઆઈ વાય.જે. વાઘેલાના વડપણ હેઠળ પોલીસ કાફલાએ વોચ ગોઠવી દીધી હતી.

તે દરમિયાન રાત્રે પોણા વાગ્યે જીજે-૧૧-વીવી ૪૨૪૫ નંબરનો ટ્રક પસાર થયો હતો. તે ટ્રકને રોકવા માટે પોલીસે ઈશારો કરતા તેના ચાલક જામજોધપુરના ધોરીયાનેસ વાળા નાથા લાલાભાઈ મોરીએ પોતાનો ટ્રક પુરપાટ ઝડપે ભગાડ્યો હતો. આ ટ્રકનો પોલીસે પીછો શરૂ કર્યો હતો. મોડીરાત્રે સર્જાયેલા ફિલ્મી દૃશ્યો પછી ટ્રક નજીક પોલીસ પહોચી જતાં ટ્રક ઉભો રાખીને તેમાંથી નાથા મોરી કૂદી ગયો હતો. પોલીસે તે ટ્રકને રોકી લઈ તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૪૬૫૬ નાની બોટલ કબજે કરી છે. વોડકાની રૂા.૪,૬૫,૬૦૦ની આ બોટલ તથા રૂા.૫,૦૦,૦૦૦નો મુદ્દામાલ લેલેન્ડ કંપનીનો ટ્રક પોલીસે કબજે કરી લીધો છે. નાસી છૂટેલા ટ્રકચાલકના સગડ દબાવી પીઆઈ વાય.જે. વાઘેલાએ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુને વાકેફ કર્યા હતા. લોકસભાની ચૂંટણીનું મતદાન આવી રહ્યું છે ત્યારે આટલી મોટી સંખ્યામાં દારૂનો જથ્થો ઝડપાતા ચકચાર જાગી છે.

રખડતા અસ્થિર મગજના યુવાનના પરિવારનો લાગ્યો પત્તો

મીઠાપુર તા. ૨૦: સુરજકરાડીમાં એક યુવાન રખડતી ભટકતી હાલતમાં કેટલાક દિવસથી જોવા મળતા હતા. તેની સેવાભાવી યુવાનોએ તપાસ કર્યા પછી અસ્થિર મગજના આ યુવાનના પરિવારનો રાજકોટના આટકોટ ગામમાંથી પત્તો મળ્યો છે.

ઓખામંડળના મીઠાપુર પાસેના સુરજકરાડીમાં અસ્થિર મગજના લાગતા હોય તેવા એક યુવાન કેટલાક દિવસથી રખડતા ભટકતા જોવા મળતા હતા. આ યુવાન અંગે સુરજ કરાડીના ભોજાભાઈ, મયુર ભાયાણી, લખન ભાયાણી સહિતના યુવાનોએ તપાસ હાથ ધરી હતી. આ યુવાનની ઓળખ મેળવવા તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં મુકવામાં આવ્યો હતો અને પોલીસને પણ જાણકારી અપાઈ હતી. મીઠાપુર પોલીસે તે અંગે વધુ તપાસ કરતા આ યુવાન રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટના હોવાનું ખૂલ્યું હતું. દોડી આવેલા યુવાનના પરિવારને કબજો સોંપી અપાયો છે.

અર્ક

વિશ્વનો સુંદર અભિનય એટલે મનમાં સંઘર્ષ હોવા છતાં ચહેરા પર હાસ્ય...

શબ્દવ્યૂહ ૫૯૪૦

આડી ચાવી

૧. વેશ્યા----------(૪
૩. કઠપણ, ચાતુર્ય-------(૩
૭. ન્યાયની કચેરી, ન્યાયાલય----------(૪
૮. રેતળા પ્રદેશ, ઉજડ --(૨
૯. તાકાત, બળ---------(૨
૧૧. ચિંતનશક્તિનું કેન્દ્ર અથવા એ માટેની ઈન્દ્રિય -----(૨
૧૩.જીભ ચચરે એવું-------(૨
૧૪.ડગે નહિં એવું-------(૨
૧૭.ધુની, મનમોજી -------(૪
૧૮.અસ્વીકાર્ય, નિરર્થક---(૫
૧૯.બદી, ભ્રષ્ટાચાર-------(૪
૨૧.સાર્વત્રિક ભાવ વધારો--(૨
૨૨.ચાવી ----------(૨

ઊભી ચાવી

૨. એક પ્રકારનું મોચીનું ઓજાર----------(૨
૩. હંમેશાં, કાયમ--------(૨
૪. કિંમતી બારીક કાપડ --(૪
૫. સંભાળપૂર્વકનો ઉછેર --(૩
૬. મતલબ, તાત્પર્ય-------(૨
૧૦.હઠાગ્રહી----------(૩
૧૨.નગરની સુધરાઈના અધ્યક્ષ-મેયર --------(૫
૧૪.જીવલોક, ધરિત્રી ------(૩
૧૫.મરજી, એષણા--------(૨
૧૬.ઈશ્વર વગરનું -------(૪
૨૦.આનંદી, પ્રસન્ન -------(૨

આડી ચાવી: (૧) ક (૩) કમોત (૬) નાગણ (૭) વીશી (૧૧) એકસંપ (૧૩) દેશી (૧૪) રાવ (૧૫) ઘાવ (૧૭) વિપ્ર (૧૯) લોકમત (૨૦) થાક (૨૨) તક (૨૪) વેશ્યા (૨૫) વતન (૨૬) ચાળા

ઉકેલ ક્રોસ્વર્ડ નં. ૫૯૩૯

ઊભી ચાવી: (૨) યુગલ (૪) મોદી (૫) મશી (૮) શખ્સ (૯) ઐક્ય (૧૦) વ્યાપ (૧૨) પાવલી (૧૩) દેવલોક (૧૬) કમજાત (૧૮) પ્રથા (૨૧) કવેળા (૨૨) તલ

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯ ૬૦૮૮

મેષ (અ-લ-ઈ) — નાણાકીય રોકાણ-વ્યવહારના કામકાજમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીના પ્રશ્ને ચિંતામાં વધારો થાય. શુભ રંગ: લીલો | શુભ અંક: ૨-૭

વૃષભ (બ-વ-ઉ) — આપને માનસિક-પરિતાપ વ્યગ્રતા રહે. વિચારોની દ્વિધા-અસમંજસતા જણાય. મહત્વના નિર્ણય લઈ શકો. શુભ રંગ: વાઈન | શુભ અંક: ૫-૮

મિથુન (ક-છ-ઘ) — આપના કાર્યની સાથે સામાજિક-વ્યવસાયિક કામકાજમાં વ્યસ્ત રહો. ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય. શુભ રંગ: મેરૂ | શુભ અંક: ૧-૩

કર્ક (ડ-હ) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ રહે. ધર્મકાર્ય-શુભકાર્યથી પ્રસન્નતા રહે. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૧-૮

સિંહ (મ-ટ) — ઘરે રહો તો નોકરી-ધંધાની ચિંતા રહે અને નોકરી-ધંધે જાવ તો ઘરની ચિંતા સતાવ્યા કરે. કામમાં ઉતાવળ ન કરવી. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૨-૭

કન્યા (પ-ઠ-ણ) — આપના કાર્યમાં વાણીની મીઠાશથી સરળતા રહે. સંતાનના પ્રશ્ને ચિંતા-પરેશાની ઓછી થાય. શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૩-૬

તુલા (ર-ત) — આપના કામકાજ અંગે દોડધામ-શ્રમ અનુભવાય. કોર્ટ-કચેરીના કામ થઈ શકે. આકસ્મિક ખર્ચ-ખરીદી જણાય. શુભ રંગ: પીળો | શુભ અંક: ૫-૮

વૃશ્ચિક (ન-ય) — આપના કાર્યની સાથે સંસ્થાકીય કામ, જાહેરક્ષેત્રના કામ અંગે વ્યસ્ત રહેવાનું થાય. મિલન-મુલાકાત થાય. શુભ રંગ: ગ્રે | શુભ અંક: ૧-૪

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપના કામમાં પ્રતિકૂળતા રહે. કામના વધુ પડતા તણાવ-દબાણ, દોડધામ-શ્રમના લીધે સ્વાસ્થ્યની કાળજી રાખવી. શુભ રંગ: સફેદ | શુભ અંક: ૨-૬

મકર (ખ-જ) — જેમ દિવસ પસાર થતો જાય તેમ આપને રાહત થતી જાય. આપના કાર્ય અંગેની મિલન-મુલાકાતમાં સાનુકૂળતા મળે. શુભ રંગ: વાદળી | શુભ અંક: ૫-૮

કુંભ (ગ-શ-ષ-સ) — આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. જમીન-મકાન-વાહનના કામમાં સાનુકૂળતા મળી રહે. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૩-૫

મીન (દ-ચ-ઝ-થ) — આપના કાર્યમાં સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જતા લાભ-ફાયદો મળી રહે. શુભ રંગ: લાલ | શુભ અંક: ૨-૯

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૬-૨૪ સૂર્યાસ્ત : ૬-૦૬

દિવસના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીયા
(૧) શુભ (૨) અમૃત (૩) ચલ (૪) રોગ (૫) કાળ (૬) લાભ (૭) ઉદ્વેગ (૮) શુભ

વિક્રમ સંવત: ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ : તા. ૨૧-૦૪-૨૦૨૪, રવિવાર
જૈન સંવત: ૨૫૫૦, તારિખ: ૧૪૪૬, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૧૦, મુસ્લિમ રોજ: ૧૧, નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની, યોગ: વ્યાઘાત, કરણ: કીંસ્તુઘ્ન

જન્મેલાનું વર્ષફળ

તા. ૨૧ - એપ્રિલના દિવસે

આ સમયમાં નોકરી-ધંધામાં આપને કામમાં રૂકાવટ-મુશ્કેલીનો અનુભવ થાય. આપની ગણતરી-ધારણા પ્રમાણેના કામ થઈ શકે નહીં. ભાગીદારીવાળા ધંધામાં મુશ્કેલી જણાય. નાણાકીય બાબતે આકસ્મિક ખર્ચાઓને લીધે બચત થઈ શકે નહીં. વિદ્યાર્થી વર્ગ કોઈના ભરોસે રહ્યાં વગર વર્ષના પ્રારંભથી જ અભ્યાસની તૈયારી શરૂ કરી દેવી. ખર્ચ-ખરીદી થાય.

બાળકની રાશિ: કન્યા

IPL આવતી કાલની મેચ

કોલકાતા નાઈટ રાઈડર્સ V/s રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
સમય: બપોરે ૩:૩૦ કલાકે

પં